૫૨૫૦

થિઑસોફિકલ સોસાયટી.

જિજ્ઞાસુઓને સૂચના.—

થિઓસોફિકલ સોસાયટી નામનું આ સાર્વજનિક મંડલ, ઇ સ. ૧૮૭૫ના નવેંબર માસની ૧૭મી તારીખે **યુનાઇટેડ સ્ટેટસના** ન્યુયૉર્ક શેહેરમા સ્થપાયુ હતું. એનો ઉદ્દેશ નીચે પ્રમાણે ત્રણ પ્રકારનો છે:—

૧:—સમસ્ત જનમંડલમાં સાર્વત્રિક **બંધુત્વ-સમભાવ** પ્રેરવો; અને તેમ કરવાનું સુગમ થઈ પડે એટલા માટે દેશ વંશ, જાતિ, ધર્મ, વર્ણ વિગેરે કોઇપણ ભેદને આડે ન આવવા દઈને જેઓ સમભાવથી વ્યવહાર કરી શકે એવા મનુષ્યોનાં **કેન્દ્રસ્થાનનો પાયો નાખવો.**

૨:—પૂર્વના આર્ય અને અન્ય, ધર્મ, શાસ્ત્રો વિદ્યા અને દર્શનોના અભ્યાસને પુષ્ટિ આપી તેની વૃદ્ધિ કરવી, અને એ અભ્યાસથી શું શું લાભ થાય છે તે સિદ્ધ કરી આપવું.

૩:—અને, જે વિશ્વનિયમો અદ્યાપિ અગમ્ય રહ્યા છે તેની, તથા પિંડગત જે આધ્યાત્મિક રહસ્ય છે તેની, સત્ય નિષ્ઠાથી આગ્રહ પૂર્વક શોધ કરવી, અને યથા વિધિ તેનો પ્રભાવ કરવો

જેઓને આ સભામાં દાખલ થવાની ઈચ્છા હોય તેઓએ આ મંડલની અમુક શાખામાં દાખલ થવું કે નહીં તે તેની ઈચ્છા પર આધાર છે. આ મંડલની શાખાઓના જૂદા જૂદા દેશ પ્રમાણે એક એક વિભાગ કીધા છે. આ પ્રત્યેક શાખાઓ તથા વિભાગો પોતાનું કામ પોતાનેજ અનુકુલ આવે તેમ ચલાવે છે. શાખાઓના અધિકાર પત્ર તથા સભાસદોના પ્રતિષ્ઠા પત્ર, સમસ્ત મંડલે આપેલા અધિકારની રૂએ એ મંડલના પ્રમુખ તરફથી આવે છે. અને તેપર તે પોતાની સહી તથા મંડળની છાપ કરે છે. આ સર્વની નોંધ પ્રત્યેક વિભાગમાં રહે છે.

આ મંડલે એવું સ્પને પણ ધાર્યું નથી કે સમસ્ત જનસમૂહમાં ભ્રાતૃભાવનો પ્રચાર એકદમ કરી દેવા તે સમર્થ છે. તેનો ઊદ્દેશ માત્ર એટલોજ છે કે ભ્રાતૃભાવનો મૂખ્ય હેતુ ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તવા દૃઢ પ્રયત્ન કરે એવા મનુષ્યોનું મધ્ય સ્થળ સ્થાપી ભવિષ્યને માટે પાયો નાંખી મુકવો. વળી એ મંડલમાના ઘણા એમ માને છેકે, પ્રાચીન તથા અર્વાચીન જે જે શાસ્ત્રો છે તે સર્વનો આગ્રહથી અને કેવળ સત્ય પરાયણ બુદ્ધિથી અભ્યાસ કીધાથી એમ સિદ્ધ થયા વિના રહેશે નહીં કે સર્વનું મૂલ એકજ છે અને તેજ સત્ય છે. આથી કરી એ મંડળે

"सत्यात् नास्ति परो धर्मः"

એ સૂત્રને પોતાનો મુદ્રા લેખ કરી રાખ્યો છે.

આમ છે તેથી કરી એ મંડલમા ભિન્ન ભિન્ન ધર્મના લોકો દાખલ થાય છે, તેમજ જેઓ કોઇપણ ધર્મના આશ્રિત નથી તેઓ પણ એ મંડલમાં દાખલ થયા છે. આ સર્વ પોતાની યથાશક્તિ એ

મંડલના કાર્યમાં સહાય કરે છે. એ સભામાં દાખલ થનારને કોઇ પ્રકારનો પ્રતિબંધ છેજ નહીં પણ એટલુંજ કે દાખલ થવા ઇચ્છનારે એ સભાનો મૂલ ઉદ્દેશ જે ભ્રાતૃભાવનો પ્રસાર કરવાનો છે. તેને અનુભવસિદ્ધ કરવા માટે યોગ્ય પ્રયત્નો યથાશક્તિ કરવા, તેમજ બીજાને તેમાં સહાય કરવા તત્પર રહેવા પ્રતિજ્ઞા લેવી પડે છે. આ મંડલમાં સર્વને પોતપોતાના વિચારો સ્વતંત્ર રીતે ભોગવવાની સર્વદા છૂટ છે. માટે જેમ અમુક પુરૂષ પોતાના વિચારો સ્વતંત્ર રીતે જાળવી રાખવા માંગે છે તેમ તેને બીજા પુરૂષોને તેમના વિચારનો સ્વતંત્ર ઉપભોગ કરવામાં આડે આવવો દેતા નથી. આથી કરી એ મંડલ, તેના સભ્યોના મતમતાન્તરો માટે કોઇ રીતે જવાબદાર નથી. આમ બીજા સર્વને તેમના મત સ્વતંત્ર રીતે જાળવવા દેવાનો સર્વનો ધર્મનો છે કારણકે એ મંડલના સભાસદો એમ માને છેકે ધર્મ સંબંધી પ્રતિબંધ, અને મતાંધપણું એ બેઉ મનુષ્યની ઉત્તરોત્તર વૃદ્ધિ થવા દેતાં નથી. આટલા માટે એ મંડલ કોઈ અમુક ધર્મ કે પંથ પોતાનો કરી બેઠી નથી. એટલે તેમાં સર્વનો સમાવેશ થાય છે. વળી જ્યાં જ્યાં મતાંધપણું, વહેમ, જડશ્રદ્ધા, અને મતાભિમાન જણાય છે ત્યાં ત્યાં તે તેની સામોપક્ષ પકડી લેછે. આ મંડલના સભાસદો દુર્ગુણના સર્વ રૂપ રૂપાન્તરો, તેમજ તેમને સહાયભૂત જે જે હોય તે સર્વ, પ્રત્યે અત્યંત દોષદ્રષ્ટિથી જૂએ છે. વળી તેઓ એવી પણ આશા રાખે છેકે, જેઓ એમાં દાખલ થાય છે તેઓ પોતાની રહેણી એવી રાખશે કે તેથી કરી એ મંડલમાંથી કોઇને પણ તેથી નીચું જોવાનું થાય નહીં.

—થિઓસોફિ—

થિઓસોફી એવે નામે ઓળખાતા જે રહસ્ય દર્શન ઉપરથી આ મંડલનું નામ પડયું છે, અને જેનો પ્રચાર એ મંડલના કેટલાક સભાસદો કરે છે, તેને માટે તેઓ એમ કહે છે કે, આ મંડલનો બીજો અને ત્રીજો હેતુ પાર પાડવા જે અભ્યાસ કરવો અવશ્યનો છે તે માટે આ સિદ્ધાન્તો ઘણા ઉપયોગી થઇ પડે છે એટલુંજ નહીં પણ ત્યાર પછી પણ તેઓ એ અભ્યાસના પરિણામ રૂપે અનુભવ સિદ્ધ થાય છે. તેઓ એમ માને છે કે પૂર્વ તથા પશ્ચિમ દેશોમાં થિઓસોફિના જે જે મુખ્ય સિદ્ધાન્તો મનાયા છે તે તરફ લોકોનું ધ્યાન આ સમયે ખેંચવું એ ઘણું અગત્યનું છે. કારણકે, હાલમાં સામાજીક, ધાર્મિક તથા વિદ્યા સંબંધી જે જે વિષયોની ચરચા ચાલી રહી છે તેમાંની ઘણીનો ઘણે ભાગે સંતોષ આપે એવો નિર્ણય આથીજ બની આવે એમ છે. એ સંબંધી ઘણા પુસ્તકો ઇંગ્રેજી ભાષામાં લખાયાંછે અને તે સર્વમાં આવા આવા અનેક વિષયો ચરચાયા છે

એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે, આ સિદ્ધાન્તો વિષે જડ શ્રદ્ધા માત્ર રાખી તેમને માન્ય રાખવા એવું કોઇ કહેતુંજ નથી. પરંતુ કેહેવાનું માત્ર એટલુંજ છેકે મનુષ્યના જીવન સંબંધી જે જે વિષયોનો નિર્ણય જે ચાલુ વિચાર પદ્ધતિએ બની શકતો નથી તે આથી સારો થઇ શકે છે, એમ જેમને જણાયું છે તેઓ આ સિદ્ધાન્તો યુક્તિયુક્ત છે. એમ માની બીજા સર્વને તે સિદ્ધાન્તોને સિદ્ધાન્ત આશ્રય રૂપે તપાસી જોવા ભલામણ કરે છે. પોતાના પુસ્તકોનો પ્રસાર કરી, આગ્રહી સત્યશોધકોને તેમની સત્યની

શોધમાં આ મંડલ પોતાની યથાશક્તિ મદદ કરે છે. ઉપર કહ્યું તેમ, સર્વ આચાર વિચારનો મૂલ પાયો ભ્રાતૃભાવ છે એમ ધ્યાનમાં રાખવા ઉપરાંત એ મંડલના સભ્યોને બીજો કોઈ પ્રકારનો પ્રતિબંધ છેજ નહીં. એ પણ કેહવું જોઇએ કે, એ મંડલના સભ્યોની મોટી સંખ્યા, મંડળીના સભ્ય તરીકે નહીં પણ પોતે જાતેજ વિચાર કીધા ઊપરથી, એમ માને છેકે થિઓસોફિના વિચાર સૂત્રોનું યથાર્થ જ્ઞાન થયાથીજ ભ્રાતૃભાવ અનુભવસિધ્ધ થઈ શકવાનો વધારે સંભવ છે. કારણકે તે એ એમ માને છે કે, આજ વિચાર સૂત્રો દ્વારા સાર્વજનિક સમભાવ અંકેવો નિયમાનુસાર અને ન્યાયસંમત છે તે સ્પષ્ટ જણાય છે.

—સભ્ય પદ—

આ મંડલમાં દાખલ થવું હોય તેને દાખલ થવાની અરજીના છાપેલાં ફારમ આવે છે, તેપર પોતે સહી કરવી પડેછે, અને તે ઊપરજ એ મંડલના બે સભ્યોની સહી કરાવવી પડે છે. દાખલ થવાની બે પધ્ધતિ છે એકતો કોઇ અમુક શાખાનો સભ્ય તે દાખલ થનારને દાખલ કરવાની તે શાખાના સભાસદો આગળ દરખાસ્ત કરે છે અને તેમ કરવામાં જો કાંઇ અડચણ ન હોય તો તે તે શાખામાં દાખલ થાય છે; અને બીજું, જેઓને કોઈ અમુક શાખા સાથે સંબંધ રાખવો ન હોય તેઓ પોતાની અરજી, પોતાના વિભાગના મુખ્ય મંત્રી તરફ મોકલી આપે તો તે દાખલ કરે છે. આ બેમાંથી એક પણ રીતે દાખલ થયા પછી તેને એક અધિકારપત્ર મળે છે. જે કોઈ એકવાર અમુક શાખા સાથે

રહયો હોય તે તેથી છુટો પડી શકેછે તેમજ જે અસલથીજ છુટો રહયો હોય તે પાછળથી અમુક શાખામાં દાખલ થઇ શકેછે. તેમજ એક શાખા છોડી બીજી શાખામાં પણ જઇ શકાય છે.

એક શાખા સ્થાપવા માટે ઓછામાં ઓછા પાંચ સભાસદો જોઈએ. પછી તેઓ એ મંડલમાં દાખલ થએલા હોય કે થવાની ઇચ્છા રાખતા હોય. આવા પાંચ મનુષ્યે એકઠા મળી પોતાના વિભાગના મુખ્ય મંત્રીને શાખા સ્થાપવાની પરવાનગી મેળવવા એક અરજી કરવી પડે છે અને તેમ કરવા દેવામાં કાંઈ હરકત ન હોય તો તેવી શાખા યથા નિયમ સ્થપાઈ છે તે બતાવવા એક સનદ મોકલી આપવામાં આવે છે. આમ થાય એટલે તે શાખા સ્થપાયલી ગણાય છે અને એ મંડલના વાર્ષીક પ્રતિનિધિ મંડલમાં તેને પોતાની તરફથી એક પ્રતિનિધિ મોકલવાનો હક થઇ ચુકયો ગણાય છે.

લવાજમ.

આ મંડલમાં નીચે પ્રમાણે લવાજમો આપવાં પડેછે:—

૧:—એ મંડલમાં દાખલ થવાની અરજી સાથે, દાખલ થતી વખતની ફીના રૂ૧૦ તથા વાર્ષિક લવાજના રૂ૨ અથવા રૂ૩.

૨:—જેઓ અમુક શાખામાં દાખલ થાય છે તેમને વાર્ષિક લવાજમ રૂ૨નું આપવું પડે છે; જેઓ છુટાજ રહે છે તેમને રૂ૩ આપવા પડે છે.

વિશેષ કારણસર આ લવાજમમાં ઘટાડો કરવો કે તે માફ કરવું બની શકે છે.

આ મંડલની આજ સુધી યુરપ, અમેરીકા, હિંદુસ્થાન, ઑસ્ટ્રેલેશિઆ, સિલોન, જાપાન, વિગેરે દેશોમાં મળી આસરે ત્રણસો શાખાઓ સ્થપાઇછે અને બીજી ઘણી હજી સ્થપાતી જાય છે.

વિશેષ હકીકત માટે કોઇ પણ શાખાના મંત્રીને પૂછવું અથવા લખવું. મુંબઇ, સુરત, ભરૂચ, વડોદરા, અને ભાવનગરમાં આ મંડલની શાખાઓ છે.

થિઓસોફિકલ સોસાયટીના મુખ્ય અધિકારીઓ.

પ્રમુખ—કર્નલ હેન્રી સ્ટીલ ઑલકૉટ. અધાર મદ્રાસ.
ઉપ પ્રમુખઃ—વિલિઅમ ક્વિન જજ્જ; ન્યુયૉર્ક. યુ. સ્ટે. અમેરીકા
લેખમંત્રી (દફ્તરદાર):—એસ. ઇ. ગોપાલચાર્લુ, અધાર મદ્રાસ.

વિભાગોના મુખ્ય મંત્રી

હિંદુસ્થાનઃ—બર્ટ્રામ કીટલી. એમ. એ. બારિસ્ટર ઍટ લૉ, અધાર, મદ્રાસ.

અમેરિકાઃ—વિલિઅમ ક્વિન જજ્જ; ૧૩૨ નેસ્સૉ સ્ટ્રીટ. ન્યુયૉર્ક, યુનાઇટેડ સ્ટેટસ અમેરીકા.

યુરપઃ—જી, આર. એસ. મીડ. બી. એ; ૧૭, ૧૯. એવેન્યુરોડ રીજન્ટસ પાર્ક લંડન. એન. ડબ્લ્યુ.

પ. હ. મેહતા. સુરત.

સુરત ખોદાબક્ષ પ્રેસમાં એમ. જે. પોસ્ટવાલાએ છાપ્યું છે.